


# સોનાનું કડું

**દલાશેઠને થઈ દિવાળી, હોળી રહી ગઈ બાકીજી;**
**મિયાં ફુસકીના મૂંડા પર, લાત પડી ભઈ પાકીજી.**

એક હશે નટ. ઘણા ઘણા ખેલ કરે. દોરડા પર ઊંધા માથે ચાલે. માથે મૂકે સાત સાત ઘડા. ઘડા માથે મૂકે દીવો. પછી ભોંય પર આળોટતો જાય. આવા આવા ખેલ જોઈને ગામના લોકો ઘણા રાજી થયા. તભા ભટ અને ફુસકી મિયાં પણ રાજી થયા. દલાશેઠ તો વાહ વાહ બોલવા માંડ્યા.

ત્યાં રાણો વાળંદ બોલી ઊઠ્યો : “વાહ ભાઈ વાહ! આવા ખેલ કોઈથી થાય નહીં. કાં ફુસકીચાચા?”

ફુસકી મિયાં બોલ્યા : “શૂરવીરના બચ્ચા હોય તે જ આવા ખેલ કરી શકે.”

રાણો બોલ્યો : “પણ ફુસકીચાચા, આ નટ જેવા ખેલ તો કોઈ કરી શકે નહીં.”

ફુસકી મિયાં બોલ્યા : “અક્કલ હોય તો બધા ખેલ થાય. પૂછો તભા ભટને. તેમની પોથીમાં વાત આવે છે કે અક્કલવાળા ન થવાનું કરી આપે અને ખેલના ખેલ બતાવે. હા અમે સિપાઈબચ્ચા! જે કહીએ એ ઠીક જ કહીએ.”

દલાશેઠ ખરેખરા હસ્યા.

રાણો કહે : “વાત તો હસવાની છે.”

ફુસકી મિયાં બોલ્યા : “જા પાજી! અમે હસવાની વાત કહી છે?”

રાણો કહે : “એ વિના આ દલાશેઠ હસે નહીં.”



ફુસકી મિયાં બોલ્યા : “બેવકૂફો હોય તે એમ જ હસે.”

રાણો કહે : “તમે આપણા ગામના શૂરવીર માણસ છો તો શું તમે આ નટની બરાબરી કરી શકો?”

ફુસકી મિયાં તાનમાં આવી ગયા અને બોલી ઊઠ્યા : “ના કેમ કરી શકીએ? અક્કલ હોય તો ધારીએ એ કરી શકીએ.”

વળી દલાશેઠ હસ્યા.

ફુસકી મિયાંને રીસ ચડી ગઈ અને દલાશેઠના માથા પર ટાપલી મારી દેવા હાથ ઉઠાવ્યો, પણ તભા ભટે ફુસકી મિયાંના માથા પર ટાપલી મારી દીધી. ટોપી ઊડી પડી.

તભા ભટ બોલ્યા : “ચૂપ રહો તમે. આ ખેલ અક્કલના નથી. એ છે બળના ખેલ. તમારામાં નટ જેવું બળ છે?”

ફુસકી મિયાં બોલ્યા : “તમેય રહ્યા એવા ને એવા જાડા. જરા બુદ્ધિ પાતળી કરો અને સમજો કે બુદ્ધિ આગળ બળ પાણી ભરે છે. આપણા બાપદાદાની આ કહેવત શું ખોટી છે? આપણા બાપદાદા મૂરખા હતા?”

તભા ભટ બોલ્યા : “બાપદાદા મૂરખા નહોતા, પણ આપ જરૂર મૂરખા છો.”

મિયાં બોલ્યા : “મૂરખા છો તમે. બાપદાદા કહી ગયા છે એ વાત સો ટકા સાચી. બુદ્ધિ આગળ બળ પાણી ભરે છે.”

રાણો વાળંદ બોલ્યો : “વાત મૂકો પડતી. બળનાં કામ બળથી થાય. એમાં બુદ્ધિનું કામ નહીં.”



ત્યાં પેલા નટે બૂમ પાડી. નટ બોલ્યો : “ગામના શૂરવીર માણસો અને બધા જોનારા સાહેબો! અમારા ખેલ જોઈને તમે બધા રાજી થયા છો. તમે તાળીઓ પાડી છે અને વાહ વાહના પોકાર કર્યા છે તેથી અમે ઘણા રાજી થયા છીએ. અત્યાર સુધી તો કળના ખેલ બતાવ્યા, પણ હવે અમે એકલા બળના ખેલ બતાવીશું. તમારા ગામમાં કોઈ શૂરવીર બળિયા હોય તો સામે આવે. અમને બળમાં હરાવી જશે તો અમે અમારા હાથનું સોનાનું કડું તેને ભેટ આપીશું.”

દલાશેઠને તાન ચડ્યું. ઊભા થયા : “તો અમે ઉપરથી એકસો એક રૂપિયાનું ઇનામ આપીશું.”

આમ કહીને દલાશેઠે ફુસકી મિયાં સામે જોયું. જરા મોઢું દબાવીને હસ્યા. ફુસકી મિયાં સમજી ગયા કે આ તો આપણી મશ્કરી કરી. ટપ દઈને ઊભા થઈ ગયા અને બોલ્યા : “દોસ્તો, બેવકૂફોની વાતો કોઈએ માનવી નહીં. બુદ્ધિ આગળ બળ પાણી ભરે છે એ કહેવત આપણા બાપદાદા કહી ગયા છે. માટે જેનામાં બુદ્ધિ વધારે હોય તે બધા કરતાં બળિયો ગણાય. અમે બુદ્ધિમાં ઓછા નથી. હા, અમે સિપાઈબચ્ચા!”

દલાશેઠ વધારે હસ્યા અને બોલ્યા : “આ નટભાઈ કોઈને હરાવી દેશે તો અમે તેને પણ ઇનામ આપીશું.”



નટ બોલી ઊઠ્યો : “તો શું તમે બુદ્ધિથી બળનું કામ કરી આપશો?”

ફુસકી મિયાં બોલ્યા : “હો હો! બુદ્ધિ આગળ બળ પાણી ભરે છે.”

નટ બોલ્યો : “શું બહુ બુદ્ધિમાન હોય તે સો મણ વજન ઊંચકી શકે?”

મિયાં બોલ્યા : “હો હો? ના કેમ ઊંચકે?”

નટ બોલ્યો : “આ પથ્થર જુઓ! હજાર કિલોનો હશે.”

ત્યાં નજીકમાં જ મોટો પથ્થર પડ્યો હતો. સો તો શું પણ પાંચસો માણસો એકઠા થાય તોય હટે એવો નહોતો. હજાર કિલો વજનનો પથ્થર હતો.

નટ બોલ્યો : "આ પથ્થર તમે એકલા અહીંથી હટાવી શકો?"

મિયાં બોલ્યા : "હો હો! બુદ્ધિ હોય તો હટે."

તભા ભટે ફુસકી મિયાંના માથા પર ટાપલી મારી દીધી અને બોલ્યા : "શું બકો છો?"

મિયાં બોલ્યા : "કાં?"

તભા ભટ કહે : "આ હજાર કિલોનો પથ્થર તમે હટાવી શકશો?"

મિયાં બોલ્યા : "અમે હા કહી દીધી એટલે હવે ના નહીં કહેવાય. બોલ્યા તે બોલ્યા. શૂરવીરનું માથું જાય પણ વચન જાય નહીં. અમે બોલ્યા તે સાચું."

રાણો બોલ્યો : "રહેવા દો ફુસકીચાચા! આ પથ્થર સો માણસોથીયે હટે એવો નથી."

ફુસકી મિયાં ચિડાયા અને બોલ્યા : "તું શું જાણે અસ્તરાના ઉસ્તાદ! તલવારો પકડે તેને બળના ખેલ આવડે. હા, અમે સિપાઈબચ્ચા! અમે કહ્યું એ કરીશું."

નટ બોલ્યો : "તો કરો શરત. આ પથ્થર તમે એકલા હટાવી દેશો તો અમે અમારા હાથનું સોનાનું કડું તમને આપી દઈશું અને તમે ના હટાવી શકો તો?"

ફુસકી મિયાં બોલ્યા : "તો અમે સિપાઈબચ્ચા નહીં."

નટ કહે : "એમ ના હોય. તમે શું આપશો?"

દલાશેઠ બોલ્યા : 'હારનારેય કંઈ આપવું જોઈએ."



ફુસકી મિયાં બોલ્યા : “ભઈ, હારવા-જીતવાની વાત મૂકો. એમ ને એમ શરત ચાલવા દો.”

દલાશેઠના આનંદનો પાર રહ્યો નહીં. આજ ફુસકી મિયાં ફસી ગયા છે. આ હજાર કિલોનો પથ્થર તેમના એકલાથી હટે એમ નથી. પથ્થર હટશે નહીં એટલે નક્કી હારશે. માટે કંઈક શરત તો કરાવવી જ.

દલાશેઠ બોલ્યા : “ભઈ, શરત તો કરવી જ પડે. નટભાઈ કેવા ઉદાર છે કે પોતાના હાથનું સોનાનું કડું આપવા તૈયાર થયા છે. એ વાત મૂરખાઓ નથી સમજતા. પણ બિચારા પાસે કંઈ હોય તો શરત કરે ને?”

ફુસકી મિયાં બોલ્યા : “શરતમાં ચડે તે વિના મોતે મરે.”

તભા ભટ કહે : “આપણે એક પાઈનીયે શરત નથી કરવી.”


ફુસકી મિયાં કહે : “કાં?”

ભટજી કહે : “આમાં તમે જીતવાના નથી. માટે શરત કરો તે નક્કી આપવું પડે.”

ફુસકી મિયાં બોલી ઊઠ્યા : “અમે એક હજાર રૂપિયા આપીશું.”

‘વાહ વાહ!’ ‘વાહ વાહ!’ બોલીને દલાશેઠે તાળીઓ પાડી દીધી.

નટ ગેલમાં આવી ગયો.



નટ બોલ્યો : “તો બધી શરત પાકી થઈ. બોલો મિયાં?”

ફુસકી મિયાં બોલ્યા : “હો હો, સો વાર પાકી.”

દલાશેઠ ફીસ ફીસ કરતા હસ્યા. ઘણો આનંદ થયો કે આજ મિયાં ફુસકીની રેવડી થયા વિના રહેવાની નથી. હજાર કિલો વજનનો મોટો પથ્થર તે એકલો હટાવી શકશે નહીં. મોઢું મલકાવતા દલાશેઠ ટટ્ટાર થયા. તભા ભટને ચિંતા થઈ.